dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

April-May 2013 | For private circulation only | Vol. 05 - Issue 104-105

दूसरों की निन्दा करने वाला, पगडी उछालने वाला, लडाई लगाने वाला आदमी अगर समझे कि लोग उसका आदर करेंगे, तो उसकी भूल है ।

प्रेमचन्द

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વર્ષો પહેલાં સંત તુલસીદાસે લખ્યું હતું 'તુલસી ઈસ સંસાર મેં ભાત ભાત કે લોગ'. જાતજાતના અને ભાતભાતના લોકોના સમૂહથી જે બન્યો છે તે સંસાર. માણસ જાત ઘણી અકળ હોવાનો મારો મત છે. વાતવાતમાં બહારથી ખૂલ્લો પડી જતો માણસ અંદરથી કેવો છે તે કળી શકાતું નથી. આજે એ જે હોય છે તે આવતીકાલે નથી હોતો અને ત્યાર પછીના દિવસે તો એ સાવ જ જુદો હોય છે. ઘણી વાર તો દિવસમાં એ ત્રણ વાર રંગ બદલતો ય જોવા મળે છે - સવાર, બપોર અને સાંજ આ ત્રણે ટાણે એ સાવ જુદી જ રીતે આપણી સામે પેશ આવે એવા ય અનુભવો થતા હોય છે. માણસનું સાચું રૂપ અને સાચું સ્વરૂપ પામવાના પ્રયાસ એટલે હવાને મુઠ્ઠીમાં કેદ કરવા બરાબર ગણાય. લાગણીઓને કેટલાક લોકો હથિયારની માફક વાપરવામાં પાવરધા હોય છે. કોઈએ આવા અનુભવને આધારે જ લખ્યું હશે કે :

"સૉંપ કો કૈદ કર લીયા સપેરોને
યહ કહકર કી
ઈન્સાનો કો ડઁસને કે લીયે
ઈન્સાન હી કાફી હૈ"

આ સંસારમાં કેટલાક એવા ય લોકો છે જે બહુ ઓછી સંખ્યામાં છે પણ છે કે જે પોતાની મસ્તીમાં જીવતા હોય છે. તેઓ પોતાના મુખે નિંદાના કોગળા નથી કરતા અને પોતાના કાનને કોઈની થૂંકદાની તરીકે વાપરવા નથી દેતા. જિંદગીને ભરપૂર જીવવાનો અને જાતને જ સમજવાનો પ્રયત્ન તેઓ કરતા હોય છે. કુદરતે આપેલી મૂલ્યવાન જિંદગીના મૂલ્યને તેઓ સારી રીતે સમજતા હોય છે.

બાકી ઘણા એવા ય હોય છે કે જે બીજાને ગાળ ન આપે, બીજાની ટીકા ન કરે તો સવારે એમનું પેટ સાફ નથી આવતું ! બીજાની ટીકા એમને માટે પોતાનું પેટ સાફ કરવાની ટીકડી હોય છે. સંસાર બાગમાંથી ટીકાન કાંટા વીણવામાં આ લોકો એટલા વ્યસ્ત રહે છે કે એ કાંટાઓ વચ્ચે ખીલેલું પુષ્પ એમને દેખાતું જ નથી. નિંદારસ કે કૂથલીરસથી તેઓ ક્યારેય ધરાતા જ નથી. એમનું અંતઃકરણ હંમેશા નિંદામાં જ નિમગ્ન હોય છે. નિંદાની એક એક ઈંટથી જ તેમના જીવનનો સેતુ બન્યો હોય છે. હેતુ જેવું એમના માટે કશું હોતું જ નથી. આવા લોકો પોતે અંદરથી દુઃખી હોય છે ને પોતાની આસપાસના લોકોને પણ દુઃખ પહોંચાડે છે. ડેલ કાર્નેગીએ સરસ વાત લખી છે. તેઓ લખે છે 'ટીકા પાળેલા કબૂતર જેવી છે. પાળેલાં કબૂતર પોતાના માલિકના ઘરે જ પાછાં ફરે છે.'

ભગવાન બુધ્ધના જીવનનો એક પ્રસંગ વાંચવા મળ્યો. ભગવાન બુધ્ધને કોઈ એક માણસે એક વાર ગાળ આપી. બુધ્ધે એ ગાળ સાંભળી પણ એ ત્યાં થોભ્યા નહીં. આગળ ચાલવા માંડયા. બુધ્ધની સાથે એમનો પ્રિય શિષ્ય આનંદ પણ હતો. આનંદથી રહેવાયું નહીં. એણે બુધ્ધને કહયું : 'ભગવન્, આ માણસે તમને ગાળ દીધી તેમ છતાં તમે એને કંઈ કહયું નહી ?, ભગવાન બુધ્ધે આનંદને કહયું : 'આનંદ, મેં ઘણા સમયથી બીજાઓની ભૂલ માટે પોતાને સજા કરવાનું છોડી દીધું છે. જેણે ગાળ આપી એની સાથે કે એણે આપેલી ગાળ સાથે મારે શી લેવા કે દેવા ? ગાળ એણે આપી અને જો હું ક્રોધ કરીશ તો હું બળીશ. મને ઊંઘ નહીં આવે. મારા લોહીનું દબાણ વધી જશે. હું બેચેન બની જઈશ. અને શક્ય છે કે એ માણસ તો ગાળ દઈને મજેથી સૂઈ જશે !'

ભગવાન બુધ્ધમાં કેવી સન્મતિ હતી !

અથવા કહીએ કે, સન્મતિ હતી માટે તેઓ ભગવાન બુધ્ધ હતા !

કવિ અહમદ ગુલની આ કાવ્યપંક્તિ કેવી માર્મિક છે જુઓ :

"અગર લીલાશ દ્રષ્ટિમાં ન ભરતે 'ગુલ'
જગત આખું જ પીળું જ લાગતે શાયદ !"

આપણે આપણી દ્રષ્ટિમાં લીલાશ ભરવી છે કે પીળાશ તે આપણે જાતે જ નક્કી કરવાનું હોય છે. આપણે ત્યાં એક કહેવત ઘણી જાણીતી છે : 'કમળો હોય તેને બધે જ પીળું દેખાય'. દોષદેખું લોકોને દોષ જ દેખાવાના. દોષ દેખનારાઓ પ્રત્યે પણ રોષ ન કરવો એ પણ જિંદગી જીવવાની એક રીત છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવનનો એક પ્રસંગ છે :

કોઈ એક માણસે બંધ કવરમાં ગાંધીજીને પત્ર મોકલ્યો. પત્રમાં કેવળ ગાળો જ ગાળો હતી. ગાંધીજીએ કવર ખોલીને પત્ર વાંચ્યો. પછી એમાંથી ટાંકણી કાઢી લઈ કાગળ ફાડી કચરાપેટીમાં નાંખી દીધો. ગાંધીજીની પાસે એક સજ્જન બેઠ હતા. કદાચ મહાદેવભાઈ દેસાઈ હતા. એમણે ગાંધીજીને કહયું : 'બાપુ તમે કાગળમાંથી ટાંકણી કેમ કાઢી લીધી ?' ગાંધીજીએ જવાબ આપ્યો : 'મારા કામનું જે હતું તે મેં લઈ લીધું. ટાંકણી કામમાં આવશે. ગાળો કશા કામની નથી એટલે મેં એને કચરાપેટીમાં ફેંકી દીધી.'

આવી બુધ્ધિદ્રષ્ટિ કે ગાંધીદ્રષ્ટિ કેળવવી નાની વાત નથી. ટીકા કરનાર એનું કામ કર્યા કરે તો અપાણે શા માટે આપણને યોગ્ય લાગે તે કામ આત્માના અવાજને અનુસરીને ન કરવું ? આપણે સત્યના માર્ગે હોઈએ તો પછી કોઈની સાડાબારી ન રાખવી. પરમાત્મા આપણી પડખે જ હશે એટલો વિશ્વાસ બસ છે. કવિ મકરન્દ દવેના આ શબ્દો હૃદયસ્થ કરીએ તો ઘણું :

"પગલું માંડું હું અવકાશમાં, જોઉં નીચે હરિવરનો હાથ
અજંપાની સદા સૂની શેરીએ, ગાતો આવે અદીઠો સંગાથ"

તા. ૧ મે, ૨૦૧૩

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિશ્રી

# યુનિવર્સિટી ન્યૂઝ

## ઉદ્‌ઘાટન



યુનિવર્સિટીના આંગણે અલભ્ય પ્રસંગ યોજાઈ ગયો. યુનિવર્સિટી પરિસર ખાતે (૧) શ્રીમતી શાન્તાબહેન નાનુભાઈ વિડિયા સ્વામી વિવેકાનંદ સાધના કેન્દ્ર, (૨) શ્રીમતી લક્ષ્મીબહેન પ્રેમજીભાઈ સવાણી સરસ્વતી સાધના કેન્દ્ર, (૩) શ્રીમતી કાશીબહેન રામકિશન મુન્દ્રા, સંસ્કાર કેન્દ્ર, (૪) લાલા લજપતરાય ચિંતન કેન્દ્ર, પંજાબી સમાજ, સુરત, (૫) જલારામ સેવા મંડળ ટ્રસ્ટ પાણીની પરબ અને ઉદ્યાન, (૬) હરિ ૐ આશ્રમ પૂજ્ય શ્રી મોટા વાટીકાનું ઉદ્‌ઘાટન તથા (૭) શ્રીમતી શાંતાબહેન ઈશ્વરભાઈ સવાણી રિસર્ચ સેન્ટર (હસ્તે : શ્રી શૈલેષભાઈ અને શ્રી મનીષભાઈ આઈ. સવાણી)નો ભૂમિપૂજન સમારંભ તા. ૨૫-૩-૨૦૧૩ના રોજ યોજાઈ ગયો. ઉદ્‌ઘાટન સમારંભમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રો. વસુબહેન ત્રિવેદીનું સન્માન કરતાં સ્મૃતિભેટ અર્પણ કર્યા હતા. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રા. વસુબહેન ત્રિવેદીના શુભ હસ્તે દાતાશ્રીઓને સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, 'આજે હનુમાન જયંતીનો પાવન દિવસ છે. ત્યારે એક પ્રાર્થના કરું છું કે, જે દાતાઓએ પ્રકલ્પો માટે દાન કર્યું તેઓની આર્થિક સ્થિતિ સારી થાય અને આ પ્રમાણે સમાજસેવાના ઉત્થાન માટે દાન કરતા રહે. કુપોષણ નાબુદી માટે કાર્યરત આંગણવાડીઓને દત્તક લેવી જોઈએ જેથી સમાજમાં સ્વસ્થ બાળકોનો વિકાસ થાય. નવનિર્મિત પ્રકલ્પ પૈકી લાલાલજપતરાય હોલમાં મહાનુભાવો વિશેના વ્યાખ્યાન રાખવા કે જેથી ભવ્ય ઈતિહાસ સંભારણું બની રહે. યુનિવર્સિટીએ 'મેન' નહીં પણ 'માણસ' પેદા કરવા જોઈએ જેથી સમાજમાં ત્યાગ અને સમર્પણની ભાવની બની રહે. શિક્ષકો અને અધ્યાપકોને ઈન્વોલ્વમેન્ટ અને કમિટમેન્ટને વળગી રહેવાનું જણાવતાં અભ્યાસ અને કોર્સની સાથે બાળકો તથા યુવાનોના ઘડતરની પાયાની ભૂમિકાને આગળ વધારવા અને સમાજને બદલવાની જવાબદારી શિક્ષણ વિભાગની છે. રાજયના શિક્ષણ વિભાગમાં ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા કન્યા કેળવણી પ્રોત્સાહન, વાંચે ગુજરાત, પ્રવેશોત્સવ, ગુણોત્સવ જેવા કાર્યક્રમો કરીને ગુજરાત સરકાર શિક્ષણ સુધારણા માટે ચિંતિત છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી માત્ર ગુજરાત સરકાર કરી રહયું છે કેમ કે તેમણે સમાજ સેવા મટે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે, એ જ નેમ સાથે તમામ કામ કરે તો સર્વનો વિકાસ શકય બની શકે.'

પ્રો. વસુબેન ત્રિવેદીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, 'હનુમાનજી સેવક તરીકે પણ જાણીતા છે. આજે યુનિવર્સિટીના કુલપતિ દક્ષેશભાઈ ઠાકરની સેવા રંગ લાવી રહી છે.' તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, 'તેમણે જ આ પ્રકલ્પોના ખાતમુહૂર્ત કર્યા હતા અને એ જ પ્રકલ્પો સાકાર થતાં આનંદ થયો છે. કુલપતિશ્રી દક્ષેશભાઈ ઠાકરે યુનિવર્સિટીની ટહેલને ઉપાડીને આગળ આવેલા દાતાઓને દાન બદલ અભિનંદન આપ્યા હતા અને આભાર વ્યકત કર્યો હતો. ભવિષ્યમાં હજુ વધુ પણ આવા ઉમદા કાર્યો થતા રહે અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની કાર્યપ્રણાલીની મ્હેક સમગ્ર ગુજરાતની યુનિવર્સિટીઓમાં પ્રસરે.' એવી શુભકામનાઓ એમણે પાઠવી હતી.

કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે ઉપસ્થિત મહાનુભાવોને આવકાર આપતાં સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, માન. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને માન. વસુબહેન ત્રિવેદી આપણે આંગણે પધાર્યા છે તે મારે રાજીપો છે. તે માટે હં તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. યુનિવર્સિટી સમાજ સાથે જોડાઈ રહી છે તેનો મને અનહદ આનંદ છે. આ દાન આપવાના પાવન કાર્ય માટે દાતાશ્રીઓનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું તથા ભવિષ્યમાં પણ દાતાશ્રીઓનો પણ સહયોગ પ્રાપ્ત થાય તેવી આશા જીવંત રાખું છું.' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'યુનિવર્સિટીમાં રૂપિયા દોઢ કરોડના ખર્ચે જોબ સેન્ટર બને અને અનેક યુવાનોને રોજગારી મળે એ માટેના પ્રયાસો ચાલુ છે. રિસર્ચ સેન્ટરમાં એમ.ફીલ. અને પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓ રિસર્ચ કરી શકશે.'

આ પાવન પ્રસંગમાં સિન્ડિકેટ અને સેનેટના સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, આચાર્યશ્રીઓ, અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

આ પાવન પ્રસંગનું સમાપન કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ કર્યું હતું અને સંચાલન ડૉ. જગદીશ ગૂર્જરે કર્યું હતું.

























VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
DEPARTMENT OF COMPUTER SCIENCE
















## ગૌરવ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં એમ.એસસી (આઈ.ટી) પ્રોગ્રામનાં આઠમાં સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કુ. ચૌરૂષી પૂજાએ પોખરા, નેપાળ ખાતે યોજાયેલ સાઉથ એશિયન ટ્રાયથ્લોન ચેમ્પીયેનશીપમાં પ્રથમ ક્રમે મેળવીને આંતરરાષ્ટ્રીય પુકસ્કાર મેળવેલ છે. આ સુંદર વિશિષ્ટ સિધ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર, કુલસચિવશ્રી જે. આર.મહેતા અને એમ.એસસી (આઈ.ટી) પરિવાર કુ. ચૌરૂષી પૂજાને હાર્દિક અભિનંદન પાઠવે છે.



## Seminar




Department of Computer Science,VNSGU organized a seminar on “e-Governance and NeGP” sponserd by Department of Electronics and Information Technology(DeitY) on April 6th,2013.Event was

inaugurated in the presence of Honorable Vice chancellor Prof. (Dr.) Dakshesh Thakar and chief guest Shree Rakesh Asthana (Police Commissioner),Registrar Dr.J.R.Mehta. Prof.Dr.Apurva Desai welcomed all the guests and participants and introduced the theme of seminar.The purpose of this seminar was to provide a platform for creating awareness and to assure that the communication campaign for National e-Governance plan reaches various stake holders.A series of lectures were delivered by experts in the field. Ms.Neeta Shah(Director e-Governance,Gujarat informatics Ltd,Gandhinagar) delivered a talk on “e-Governance Journey of Gujarat”.Mr.Pravinkumar chandekar(Additional Director,DeitY,MCIT,GOI) spoke on Overview of National e-Governance Plan.Mr.Rajnish Mahajan(State Informatics officer,NIC,Gujarat State) shared his thoughts on e-Governance Project Experiences.Mr. Ajeetkumar(Consltant-Assessment National e-Governance Division,DeitY) briefed about Role of Academia in e-Governance.Dr.Apurva Desai delivered a talk on Experiences of Implemetation of “Safe City Surat” Project.Atricle and Poster presentation session followed after all experts sessions.

# કોલેજ ન્યૂઝ

## લોકાર્પણ



શ્રી અંબિકા નિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી તથા શ્રી કે.પી. સંઘવી આઈ. ઈન્સ્ટિટયૂટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજય શ્રી રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી), કુલપતિ ડૉ. દક્ષેશભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી એમ.કે. દાસ, શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળા, ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ (ડીનશ્રી, મેડીકલ ફેકલ્ટી), શ્રીમતી ચંદ્રિકાબેન બી. મકવાણા (મેનેજીંગ ટ્રસ્ટી) ઉપસ્થિત રહયા હતા. તદ્‌પરાંત તા. ૨-૬-૧૩ના રોજ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજય)એ શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી તથા કે.પી. સંઘવી આઈ ઈન્સ્ટિટયૂટની સૌજન્ય મુલાકાત લઈને અભિનંદન તેમજ શુભેચ્છાઓ આપી હતી.

## નિમણૂંક

નારણલાલા કોલેજ, નવસારીના શારીરિક શિક્ષણના પ્રા મયુર એમ. પટેલની ગુજરાત સ્ટેટ ઓલમ્પીક એસોસીએશનમાં કારોબારી સમિતિના સભ્ય તરીકે ચાર વર્ષ માટે વરણી કરવામાં આવી છે.

## ઈનામ વિતરણ

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૨-૩-૧૩ના રોજ વાર્ષિક ઈનામ વિતરણનો કાર્યક્રમ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી નટુભાઈ કેવટના અધ્યક્ષપદે યોજાયો હતો. જેના મુખ્ય અતિથિ વિશેષ તરીકે ડૉ. એમ.એન. વશી તથા ડૉ. ભારતીબેન પંચોલી ઉપસ્થિત રહયા હતા. ડૉ. નમ્રતાબેન પટેલે ‘સપ્તધારા’ અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓનો વિગતે અહેવાલ રજૂ કર્યો હતો. વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને મહેમાનોશ્રીઓના હસ્તે ઈનામ અને સર્ટિફીકેટો આપવામાં આવ્યા હતા. ડૉ. ભારતીબેન પંચોલીએ શિક્ષકની તેમજ શિક્ષણની આપણા જીવનમાં મહત્તા વિવિધ ઉદાહરણો દ્વારા દર્શાવી હતી. ડૉ. એમ.એન. વશી સ્પર્ધાની શિક્ષણ જગતમાં શું સ્થાન છે અને તેનું મહત્વ ‘સપ્તધારા’ ને ધ્યાનમાં રાખીને સમજાવ્યું હતું. શ્રી નટુભાઈ કેવટે તેમના શિક્ષણ જગતમાં અનુભવની વાત કરી હતી. આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરી અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ પ્રાધ્યાપક ડૉ. કલ્પેશભાઈ ટંડેલે કરી હતી. તદ્‌પરાત ‘માનવ ઉત્કર્ષ મંડળ’નો કાર્યક્રમ ટ્રસ્ટીશ્રી નૌશીરભાઈ બધનીના અધ્યપક્ષપદે યોજાઈ ગયો. મુખ્ય વકતા તરીકે સૂડાના સી.ઈ.ઓ. શ્રી આર. જે. પટેલ ઉપસ્થિત રહયા હતા. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોશ્રીઓને આવકારી સ્વાગત કર્યું હતું. ‘માનવ ઉત્કર્ષ મંડળ’ના ભૂતપૂર્વ આચાર્ય ડૉ. દિનુભાઈ નાયકે મુખ્ય વકતાશ્રીનો વિગતે પરિચય આપ્યો હતો. મુખ્ય વકતાશ્રી આર. જે. પટેલે એક શિક્ષક કેવો હોય અને એક શિક્ષક ધારે તો શું કરી શકે તેની વાતો પોતાના સ્વાનુભવથી કહી તાલીમાર્થીઓને દિશાસૂચન કરી પ્રોત્સાહિત કર્યા હતા. ટ્રસ્ટના સેક્રેટરીશ્રી દિલીપભાઈએ શિક્ષિત અને અશિક્ષિત સમાજ વચ્ચે શું ભેદ હોય તેની વાતો કરી હતી. કાર્યક્રમનું સંચાલન શીતલબેન વસાવા અને ઋણ સ્વીકાર પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલે કર્યો હતો.



ઈકરા બી.સી.એ. કોલેજ, ભરૂચમાં તા. ૨૩-૩-૧૩ના રોજ કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાના મુખ્ય મહેમાન પદે યુનિવર્સિટી પરીક્ષામાં ઉચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ પદે નર્મદા કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લીકેશનના ડૉ. જતિન્દર સોની, પ્રિ. શ્રી પ્રકાશભાઈ મહેતા, પ્રિ. શ્રી ગુલામ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. આ પ્રસંગે ડૉ. જે.આર. મહેતાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને ટેકનોલોજી અને સાયન્સની વિકસતી ક્ષિતિજને આંબવા આહવાન કર્યું હતું. શિક્ષણ એક જબરજસ્ત શકિત છે એ શકિત દ્વારા ગમે તેને આપણે વશમાં કરી શકીએ છીએ. આજે શિક્ષણનો વિસ્ફોટ થયો છે. આ સદી શિક્ષણની અને જ્ઞાન પ્રસારની સદી છે. આ પ્રસંગે અતિથિશ્રીઓના હસ્તે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રશસ્તિપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાલ, બુકે, મીમેન્ટો વગેરેથી મવલાના હબીબુર્રહમાન અને ટ્રસ્ટીઓના શુભ હસ્તે બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી એસ.આર. પટેલ બી એડ્.કોલેજ સુરતમાં તાઃ ૨૦/૩/૨૦૧૩ના રોજ વિદાય સમારંભ અને ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટીશ્રી જ્યેતિભાઈ પટેલ, શ્રી પ્રમીલબને પટેલ, સંકુલ ડાયરેકટર શ્રી મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. પ્રસ્તુત કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન થયેલ વિવિધ સહઅભ્યાસ પ્રવૃતિઓ માટે તાલીમાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. તેમજ ટ્રસ્ટીશ્રીઓએ અને સંકુલ ડાયરેકટરશ્રીઓ, શિક્ષણના લક્ષણો અને સફળતાના સોપાનો વિશે ચર્ચા કરી હતી. તેમજ આચાર્ય ડો. અરવિદભાઈ ટાંકે તાલીમાર્થીઓને શુભેચ્છા સંદેશ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. અરર્વિદભાઈ વણકરે અને આભારવિધિ પ્રા. સુમિતભાઈ રામચંદાનીએ કરી હતી.

બી.જે.પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં કૉલેજ વાર્ષિક મુખપત્ર પાથેયનું વિમોચન અને તાલીમમાર્થીઓ માટે દીક્ષાંત સમારોહ યોજાઈ ગયો ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકાર અને પરિચય આપ્યો હતો. તથા તાલીમાર્થીઓને તેમના વ્યવસાય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ અને એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતી દર્શનાબેન ધીમર ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપપ્રમુખશ્રી ત્રિવેદીએ તાલીમાર્થીઓને આર્શીવચન આપ્યા હતાં. મુખ્ય મેહમાન તરીકે ડૉ. ઘનશયામભાઈ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તાલીમાર્થીઓને દીક્ષાંત પ્રવચન આપ્યું હતું. અને તેમના હસ્તે કલિજના વાર્ષિક મુખપત્ર 'પાથેય ના' અગ્યારમાં અંક 'સ્વામી વિવેકાનદ સાર્ધ શતાબ્દિ વિશેષાંક' નું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તાલીમાર્થીઓએ કૉલેજ વિશેના પ્રતિભાવ રજૂ કર્યા હતા. વર્ષ દરમ્યાન થયેલ સ્પર્ધા માટે ઈનામવિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ પ્રા. મનીલાબેન દેસાઈએ અને કાર્યક્રમનું સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યુ હતું.





તા. ૯-૩-૧૩ના રોજ વલસાડ કોલેજના સંસ્કાર કેન્દ્રના સભાખંડમાં શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટ્સ કોલેજનો ૪૦મો ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રામમાં મુખ્ય મહેમાન પદે યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી અરવિંદભાઈ ઘડૂક ઉપસ્થિત રહયા હતા. આચાર્યશ્રી ડૉ. ઘનશ્યામભાઈ બુટાણીએ અતિથિનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કરી કોલેજનો વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને તેમણે યુનિ. કક્ષાએ મેળલેલ ઉચ્ચ ગુણ થકી ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વલસાડના શિક્ષણ પ્રેમી અને સાહિત્ય પ્રેમી એવા વિદ્વાનો તેમજ કોલેજના અધ્યાપકોએ તેમના સ્નેહીજનોની પુણ્યસમૃતિમાં તેજસ્વી વિદ્યાર્થીઓને જાહેર કરેલા મેડલ અને રોકડ પુસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. આ સમારંભમાં કોલેજની વિદ્યાર્થીસંઘની વિવિધ સમિતિઓ દ્વારા વિદ્યાર્થીઓએ કોલેજ કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, ઝોન કક્ષા અને રાજય તેમજ યુનિ. કક્ષાએ પ્રાપ્ત કરેલ વિશિષ્ટ સિદ્ધિઓનો ઈનામ આપી બિરદાવવામાં આવ્યા હતા. કોલેજની બહેનોને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના યુથ ફેસ્ટીવલમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરવા બદલ ટ્રોફી પણ એનાયત કરવામાં આવી હતી. કોલેજમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓ એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓને પણ ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપાચાર્ય ડૉ. આર.બી. દેસાઈએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. દિનકરભાઈ ટંડેલ અને પ્રા. જાગૃતિબેન પટેલે કર્યું હતું પ્રા. સોનલબેન સરાવીયાએ આભારવિધિ કરી હતી.

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતનો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ તા. ૧૨-૭-૧૩ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરના મહેમાન પદે, સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેન શ્રી આર.જી. શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. સ્થાનિક વહીવટી સમિતિના અધ્યક્ષ શ્રી સંજીવભાઈ તમાકુવાલાએ મહેમાનોને આવકાર આપ્યો હતો. ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડૉ. પી.પી. જરીવાલાએ સૌ મહેમાનનો શાબ્દિક આવકાર આપી કોલેજની પ્રગતિ તથા વિવિધ શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમતગમતની સિધ્ધિઓનો ખ્યાલ આપ્યો હતો. કોલેજના વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ દ્વારા તેમની પ્રવૃત્તિ તથા સિધ્ધિઓનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તદ્પરાંત સિધ્ધહસ્ત વિદ્યાર્થીઓનું ટ્રોફી, મેડલ અને રોકડ ઈનામો દ્વારા માનવંતા મહમાનોના શુભહસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકરે એમની આગવી લાક્ષણિકતા અને વિદ્વિતાપૂર્ણ વકતવ્ય દ્વારા ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા તથા તેઓશ્રીએ વિદ્યાર્થીઓની સિધ્ધિઓને બિરદાવી હતી અને શુભકામનાએ પાઠવી હતી. ચેરમેન શ્રી આર.જી. શાહે સોસાયટીની તથા કોલેજની પ્રગતિ અને સફળતાનો ખ્યાલ આપી સૌ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને એમની વિવિધ સિધ્ધિઓને બિરદાવી હતી તથા સૌને શુભકામના પાઠવી હતી. આભારવિધિ પ્રા. યુ.એમ. પટેલે કરી.

શ્રીમતી જી.એન. પંડયા કોમર્સ કોલેજ, ભેસ્તાનમાં વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન થયેલ વિવિધ પ્રવૃત્તિઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમ ટ્રસ્ટીશ્રી નાનાલાલ એસ. પંડયાના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૫-૩-૧૩ના રોજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા બીલીમોરાના આચાર્યશ્રી વિક્રમભાઈ જોષીના મુખ્ય મહેમાનપદે અને ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી પારસભાઈ શાહના અતિથિવિશેષ પદે વર્ષ ૨૦૧૨-૧૩નો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ યોજાઈ ગયો. જેમાં મહેમાનોના હસ્તે વિદ્યાર્થી પ્રતિનિધિમંડળ તથા સપ્તધારા હેઠળ વિવિધ પ્રવૃત્તિઓમાં ઈનામો મેળવનાર અને પ્રથમ વર્ગ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. પ્રિ. ડૉ. ભારતીબેન પંચોલીએ વર્ષ દરમ્યાન થયેલી પ્રવૃત્તિઓની હૃદય-શ્રાવ્ય ઉપકરણો દ્વારા માહિતી આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

## સ્પર્ધા



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ બેડમિન્ટન (બહેનોની) ટુર્નામેન્ટ આર. એમ. કોમર્સ કોલેજ, રાજપીપળા મુકામે યોજાઈ હતી. જેમાં ૨૮ જેટલી ટીમોએ ભાગ લીધેલ

હતો. જેમાં નારણ લાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, નવસારીએ પ્રથમ વખત બહેનોની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ હાંસલ કરી છે. ટીમને તાલીમ અને માર્ગદર્શન શા. શિ.ના પ્રા. મયુર પટેલે આપેલ હતું.

શ્રીમતી બી.આર. ભકત (પનામા) બાળ શિક્ષાં મહાવિદ્યાલયમાં આંતર બી.એડ્. કોલેજ 'હાલરડા' સ્પર્ધાનું આયોજન થયું હતું. આચાર્યશ્રી ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું. સમારંભમાં અધ્યક્ષસ્થાને ગાબાણી દર્શકભાઈ (વાલી અધ્યાપક મંડળના પ્રમુખ) અને અતિથિ વિશેષપદે શ્રી રમણભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા. પરિણામ : ૧. તાડા કીર્તિ વી.-પ્રથમ (શ્રીમતી વી.આર. ભકત શિક્ષણ મહાવિદ્યાલય, કામરેજ ચાર રસ્તા), ૨. સેદાણે ભાવેશકુમાર ડી. : દ્વિતીય (શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ પાંડેસરા), ૩. મૈસુરીયા પારૂલ ડી. : તૃતીય (શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ ભેસ્તાન). આશ્વાસન : ૧. પટેલ પ્રજ્ઞા (શ્રી બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલી), ૨. પંચાલ જયોતિ (શિક્ષણ વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત). કાર્યક્રમનું સંચાલન ડૉ. અશ્વિની કાપડીયાએ કર્યું હતું આભારવિધિ ડૉ. ધર્મેન્દ્ર દેસાઈએ કરી હતી.



શ્રી રામચંદ્ર મિશન અને યુનાઈટેડ નેશન ઈન્ફોર્મેશન સેન્ટર ઓફ ઈન્ડિયા, ભૂતાન દ્વારા આયોજીત અખિલ ભારતીય નિબંધ લેખન સ્પર્ધા-૨૦૧૨માં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના વિદ્યાર્થીઓ કુ. ઋષિતા ગોયાણી, અખિલેશ સહાની અને સંદિપ વાઘાણીએ ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજને શ્રેષ્ઠ સફળ યોગદાન માટેનું બહુમાન અપાવ્યું છે અને કોલેજનું ગૌરવ વધાર્યું છે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ છેલ્લા ૨૩ વર્ષથી સતત ૨૧મી વાર નવયુગ કોમર્સ કોલેજ, ચેમ્પિયન બની છે. કોલેજના ૧) શ્રી પટેલ અભિષેક જે., ૨) શ્રી ત્રિવેદી અભિષેક આર., ૩) શ્રી સતીષા વર્મા. યુનિવર્સિટીમાં પસંદગી પામ્યા હતા. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ ક્રિકેટ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કોલેજ, સુરતે એમ.કે. કોમર્સ કોલેજ, ભરૂચને પરાજીત કરી હતી. આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, સ્ટુડન્ટ કાઉન્શિલના પ્રા. કે.એન. પંથકી જીમખાનાના ચેરમેન અને પ્રા. ડી.પી. પટેલ. કોલેજ પરિવાર તરફથી ખેલાડીઓને અભિનંદન આપી, આગામી સ્પર્ધા માટે આશિર્વાદ આપ્યા હતા. તેમજ શા.શિ.ના પ્રા. શ્રી સી.કે.અસારીયા, તેમજ કોચ શ્રી પ્રતીક પટેલે કોચિંગ અને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. તેમજ સેવક દિલીપ મહાલેએ સેવા પુરી પાડી હતી.



ગુજરાત રાજ્ય સપ્તધારા ખેલકુદ મહોત્સવમાં નવયુગ કોમર્સ કોલેજ, સુરત વોલીબોલ સ્પર્ધામાં ચેમ્પિયન બની છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવયુગ કોમર્સ કોલેજ છેલ્લા સાત વર્ષથી ચેમ્પિયન બને છે. ખેલાડીઓને શા.શિ. ના પ્રા. શ્રી સી.કે. અસારીયાએ કોચિંગ અને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. તેમજ સેવક દિલીપ મહાલેએ સેવા પુરી પાડી હતી.

ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, (બી.સી.એ.) કોલેજનાં વિદ્યાર્થીઓએ ચારૂસેત યુનિવર્સિટી-ચાંગા ખાતે રાજય સ્તરની ઈન્ફોર્મેશન ટેકનોલોજીની વિવિધ સ્પર્ધા પૈકી "Web Development"માં પટેલ અમુલ તેમજ પાટીલ અધિકારે દ્વિતિય ક્રમ અને "C Programming"માં મહાદેવવાલા મયંકે પ્રથમ ક્રમ મેળવ્યો છે.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓનાં વિજેતાઓને સન્માનવા, નિવૃત્ત અધ્યાપકોને સન્માનવા તથા પીએચ.ડી.ની ડીગ્રી હાંસલ કરતાં પ્રા. ડૉ. રશ્મિબેન પટેલના સન્માનનો એક કાર્યક્રમ પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ જજ શ્રી એમ.એફ સૈયદ તથા પ.પૂ. જિનચંદ્રજી મહારાજ (બંધુત્રિપુટી)ની ઉપસ્થિતિમાં યોજાયો હતો. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કાલેજની ગતિવિધિનો ચિતાર આપી વિદ્યાર્થીલક્ષી અભ્યાસ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, અને એમાંથી નીપજતી સિધ્ધીઓ બદલ ગૌરવની લાગણી વ્યકત કરી હતી. શ્રી એમ. એફ. સૈયદે ગુરૂ-શિષ્ય પરંપરાની વાતો વિદ્યાર્થી સમક્ષ રજૂ કરી ગુરુવંદનાને જીવન સાફલ્ય તરીકે વર્ણવ્યું હતું. પ.પૂ. જીનચંદ્રજી મહારાજે કાર્ય સફળતા માટે દ્રઢ સંકલ્પ, યોગ્ય પુરુષાર્થ, વિઘ્ન વિજન, સિધ્ધી અને વિનિયોગને મહત્વના ગણાવ્યા હતા. આ પ્રસંગે પ્રા. ટી.જી. પટેલે મહેમાનોનો પરિચય પ્રા. દક્ષા ઠાકોરે કાર્યક્રમ વ્યવસ્થા તથા પ્રા. કે.આર. ભાવસારે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. તદ્પરાંત એમ.કોમ. (સેમે.૪)ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારોહ પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈ (આચાર્ય, લો કોલેજ, વલસાડ), પ્રિ. ડૉ. જી.એમ. બુટાણી (આચાર્ય, આર્ટ્સ કોલેજ, વલસાડ)ના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. જેમાં પ્રિ. ડૉ. જે. એમ. નાયકે વિદ્યાર્થીઓને સેવન સ્ટેટસ ફોર સકસેસ વિષે સમજણ આપી હતી. મહેમાનશ્રીઓએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી. આભારવિધિ પ્રા. આર. પી. પટેલ અને સંચાલન પ્રા. આર. ભાવસારે કર્યું હતું.

## વ્યાખ્યાન

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદિશા કલબના ઉપક્રમે તા. ૨૨-૨-૧૩ના રોજ "હિસાબોમાં ટેલીનું મહત્વ" વિષય પર વી.એસ. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સાયન્સના શ્રી કોમલકુમાર શાહે વ્યાખ્યાન આપ્યું હતું. ગુજરાત સરકાર અને કે.સી.જી. પ્રેરિત ઉદિશા કલબના ઉપક્રમે

તા. ૨૫-૨-૧૩ના રોજ મહેન્દ્ર ફાઈનાન્સ ગ્રુપે કેમ્પસ ઈન્ટવ્યુમાં મેનેજર શ્રી મનસુર સૈયદ અને બ્રાંચ મેનેજર શ્રી હિતેશ પટેલે મહેન્દ્ર ફાઈનાન્સ કંપની વિશે માહિતી આપી હતી. તથા રાષ્ટ્રીય સેવા યોજના અને સામુદાયિક સેવાધારાના ઉપક્રમે તા. ૬-૨-૧૩ના રોજ 'સ્વામી વિવેકાનંદના પ્રેરક પ્રસંગો' વિષય પર ડૉ. દોલતભાઈ દેસાઈ અને સ્ટુડન્ટસ કાઉન્સિલની ડિબેટ કમિટિના ઉપક્રમે યુનિવર્સિટી આંતર કોલેજ વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨-૩-૧૩ના રોજ આર્ટ્સ-કોમર્સ કોલેજ, વ્યારાના પ્રિ. ડૉ. હિતેન્દ્રભાઈ ખરવાસિયાનું "રાષ્ટ્ર અને યુવાનો" વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું.

## ઈન્ટરવ્યુ

વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજમાં ટી.વાય.બી.કોમ અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે આઈસીઆઈસીઆઈ બેંક વલસાડ દ્વારા જુદી જુદી કેટેગરી માટે કર્મચારીઓની ભરતી કરવાના ઉદ્દેશથી તા. ૫-૪-૧૩ના રોજ કોલેજ ખાતે કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા વિદ્યાર્થીઓને ઓરિએન્ટેશન દ્વારા માર્ગદર્શન આપીને લેખીત કસોટી મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવી હતી.

## વાંચન વિશેષ

**ભારતીય અર્થતંત્ર ઈતિહાસ ઔર સંસ્કૃતિ.**
**અમર્ત્ય સેન. દિલ્લીઃ રાજપાલ એન્ડ સન્સ, ૨૦૦૫. પૃ.૩૨૬. રૂ.૫૦૦**

નોબેલ પુરસ્કારથી સમ્માનિત ભારત રત્ન ડો. અમર્ત્ય સેનના પ્રસિધ્ધ પુસ્તક The Argumentative Indian ગ્રંથનો આ હિન્દી અનુવાદ છે. આ ગ્રંથ ભાગ-૧ વિચાર-સ્વાતંત્ર્ય ઔર સંવાદ, ભાગ-૨ સંસ્કૃતિ ઔર સમ્પ્રેષણ, ભાગ-૩ રાજનીતિ ઔર પ્રતિવાદ અને ભાગ-૪ તર્ક ઔર પહચાનમાં સમાવેશ પામે છે. પ્રથમ ભાગના ચાર લેખ વાદ સંવાદ પરંપરાની પ્રકૃતિ અને તેની પ્રાસંગિકતાની રૂપરેખા પ્રસ્તુત કરે છે. સંવાદ પરંપરામાં લોકશાહી, ધર્મનિરપેક્ષતા, ગણિત, વિજ્ઞાન તથા વર્ગ, જાતિ, વર્ણ, લિંગ વગેરેના વિક્ષેપોની સામાજિક ન્યાયની પ્રાપ્તિમાં સંભવિત યોગદાનની ચર્ચા કરવામાં આવેલ છે. ભાગ-૨ના લેખ સંસ્કૃતિઓનો વિકાસ અને વ્યાખ્યામાં સંવાદ પ્રત્યાયનનું મહત્વ, આ સંદર્ભમાં રવીન્દ્રનાથ ટાગોર તથા સત્યજિત રાયની રચનાઓના આધારે આ વિષયને લઈને એક આંતરદષ્ટિને વિકસિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તથા ભારત અને ચીન વચ્ચેના વ્યાપક તથા નિકટ બૌધ્ધિક સંબધોની પણ વ્યાખ્યા કરવામાં આવેલી છે. આ સંબધો વિજ્ઞાન, ગણિત, ટેકનોલોજી, સાહિત્ય, સંગીત, આરોગ્ય અને વહીવટ જેવા વિવિધ ક્ષેત્રોના છે. સાથે સાથે વ્યાપારિક સંબધો તથા ભારત અને ચીન માટે શિક્ષણની પણ ચર્ચા પ્રસ્તુત કરવામાં આવેલ છે. ભાગ ત્રણના લેખ ગરીબી, વર્ગ, વર્ણ-વિભાજન અને લિંગ વિષમતા દ્વારા પેદા થયેલ અભાવોની રાજનીતિ પર છે. જેમાં પરમાણુ બોમના પરિણામે લોકજીવનમાં પેદા થયેલ ભીષણ સંકટની પણ ચર્ચા કરવામાં આવેલ છે. ગ્રંથનો અંતિમ ભાગ ભારતીયોની ઓળખનો છે.આપણે જે સંકટના આસને ઉભેલા વિશ્વમાં છીએ ત્યાં તર્ક આધારિત મૂલ્યાંકનોની સંભવિત ભૂમિકા પર વિચાર કરવામાં આવ્યો છે. તથા ધર્મનિરપેક્ષતા, ભારતની સાંસ્કૃતિક વિરાસત, ઐતિહાસિક પરંપરા, પંચાગોમાં ભારતીયતાની ઓળખ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

લેખકે આ ગ્રંથ લખવા માટે તેમના અનેક સહયોગીઓ, વિદ્વાનો અને મિત્રોની ભલામણો તથા નોંધોની મદદ લીધી છે. આ ગ્રંથ વિષે લેખક દર્શાવે છે કે, "હું પણ એક ભારતીય છું, ભારતની સંસ્કૃતિ, ઈતિહાસ, રાજનીતિ અને સામાન્ય લોકજીવન પ્રત્યે ઉદાસીન રહેવું મારા માટે સંભવ નથી. હું ભારતવાસીઓ માટે અંગ્રેજી ભાષાની પરંપરા અનુસાર 'તે' ઉકિતનો ઉપયોગ કરી શકયો નથી, મેં તો 'આપણે' શબ્દનો પ્રયોગ કર્યો છે. મારો સંબંધ તો સમગ્ર ઉપમહાદ્વિપ સાથે છે. મારું પરિવાર એ ક્ષેત્રનું નિવાસી હતું જેને આજે બાંગ્લાદેશ કહેવામાં આવે છે. અર્થાત કયાંક કયાંક વ્યકિતગત સ્તરે સંબંધોનું વર્તુળ ભારતની વર્તમાન સીમાઓથી પણ વધારે વિસ્તૃત થઈ ગયું છે. હું આ અતિક્રમણ માટે ક્ષમા માગું છું.'

આ પુસ્તકના મુખ્ય ધ્યેય વિષે લેખક દર્શાવે છે કે "ભારતના સામાજિક, રાજનૈતિક આયામોને સમજવાનો છે અને સાથે સાથે તેની વિશ્વ સંસ્કૃતિઓની વચ્ચે દોરવામાં આવતી સ્થાનિક વિભાજન રેખાઓની દ્રષ્ટિએ પણ કેટલીક પ્રાસંગિકતા આવશ્યક છે - કારણ કે વિભાજન રેખાઓ પણ-અતીત અને વર્તમાનની અનેક વાસ્તવિકતાઓને નજરઅંદાજ કરી રહી છે."

આ ગ્રંથમાં ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિ તથા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓનું વિવેચન પ્રસ્તુત છે. પ્રત્યેક વિચારશીલ વ્યકિત માટે વાચવા યોગ્ય ગ્રંથ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિના પ્રકાશન પર પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહે કહયું હતું કે, "This is the book for the Indians to read because if India is to retain its place in the 21st century, it can be only among the pathway illuminated by Sen. If India succeeds, we will have lessons for the rest of the world. After all, we are one sixth of humanity and if one sixth humanity makes up its mind, our influence is going to be felt more and more in the comity". (The Hindu. August 2, 2005)

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

**ડો. જે.આર. મહેતા**
**કુલસચિવ**


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : Dr. J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com